ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# રાત્રે ઠંડીનું જોર વધતા ગ્રામીણ વિસ્તારોમાં પશુચોર ગેંગ સક્રીય બની

**ગાંધીનગર તાલુકાના ગામોમાં પશુચોરીની ઘટનાઓમાં વધારો : જલુંદ-મોટી આદરજ વિસ્તારમાં છેલ્લાં એક માસમાં પાંચ થી સાત બનાવ : સ્કોર્પિયો ગાડી અને પીકઅપ ડાલાં સાથે આવતી ગેંગ હથિયારો લઈને જ આવતી હોવાનું ગ્રામજનોનું અનુમાન**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં શિયાળાની ઋતુ તેની પકડ જમાવતી જાય છે અને જેમ જેમ ઠંડીનું જોર વધતું જઈ રહ્યું છે તેમ તેમ તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં પશુપાલકોની ચિંતા વધતી જઈ રહી છે કેમકે છેલ્લાં એક માસથી ગાંધીનગરની આસપાસના ગામોમાં પશુચોરી કરતી ગેંગ સક્રીય થઈ ગઈ છે અને મહેનત કરીને રોટલો રળતાં પશુપાલકોની મોંઘી મુડી સમાન પશુધન ચોરાઈ રહ્યું છે. તાજેતરમાં ગાંધીનગર તાલુકાના જલુંદ અને મોટી આદરજ ગામ વિસ્તારમાં ઉપરાછાપરી પશુચોરીના બનાવો બનવાથી પશુપાલકો ચિંતિત બન્યાં છે.

ગાંધીનગર તાલુકાના જલુંદ ખાતે છેલ્લાં એક માસમાં પાંચ થી ૬ જેટલી ઘટનાઓ પશુચોરીની સર્જાઈ છે જેમાં પશુચોર ગેંગ દુધાળા ઢોર ખાસ કરીને ભેંસોને ટાર્ગેટ કરી રહી છે. ધનતેરસની રાત્રે જ જલુંદ ખાતેથી આ ગેંગે અતુલભાઈ પ્રજાપતિ નામના ખેડૂત જેઓ પોતાના ખેતરના બોર પર રહે છે અને ત્યાં જ તેમના ઢોર ઢાંખર રાખે છે તેમની એક ગર્ભવતી ભેંસ જેની અંદાજે કિંમત રૂપિયા ૭૦ હજારથી વધુ થાય છે અને બીજી તેનાથી થોડી નાની ભેંસ જેની કિંમત અંદાજે રૂપિયા ૩૦ હજારથી વધુ જેટલી થાય છે જેને પશુચોર ગેંગ ઉઠાવી ગઈ છે. આ પ્રકારની અન્ય ઘટનાઓ પણ જલુંદ તથા મોટી આદરજ પંથકમાં થવા પામી છે જેમાં મોડી રાત્રિએ આશરે ૨ થી ૪ વાગ્યાના ગાળામાં આ પશુચોર ગેંગ આવે છે અને બહાર બાંધેલા પશુઓ ઉપાડી જાય છે. જલુંદ ગામમાં મંદિર પાસે આ ગેંગે સાંકળે બાંધેલી એક ભેંસને ઉઠાવવા પ્રયાસ કર્યો હતો ત્યારે તે ઘરમાં સુતેલો યુવક જાગી જતાં તેણે પોતાના પિતાને જગાડ્યાં અને બંને બાપ-દિકરો દોડીને બહાર આવ્યાં ત્યારે એક સિલ્વર કલરની સ્કોર્પિયો ગાડી તેમજ એક પીકઅપ ડાલું લઈને આવેલી પશુચોર ગેંગને ભાગી જતાં જોઈ હતી. આ ગેંગના હાથમાં હથિયારો જેવું હોવાનું પણ અંધારામાં જણાતુ હતુ તેથી બાપ-દિકરાની પીછો કરવાની હિંમત ચાલી નહોતી. આજ ગાળામાં મોટી આદરજ ગામેથી પણ એક નાની ભેંસ ચોરીની ઘટના બનવા પામી હતી. ઠંડીની ઋતુમાં જ્યારે ગ્રામજનો પોતાના આંગણામાં કે પરસાળમાં સૂવાનું બંધ કરીને ઘરમાં સૂવા માટે મજબૂર બને છે ત્યારે તેનો લાભ ઉઠાવી આ પશુચોર ગેંગ તેમના પશુઓ ઉઠાવી જઈ રહી છે. આ સમસ્યા લગભગ દર વર્ષે શિયાળામાં વધી જાય છે જેના સામે પોલીસનું રાત્રે નિયમિત સઘન પેટ્રોલિંગ થવું જોઈએ તે થતું નથી તેવો ગ્રામજનોનો સૂર છે.

## બોર પર રહેતા ખેડૂતોને જોખમ વધુ

જલુંદના ખેડૂત અતુલભાઈ પ્રજાપતિ જેમની બે ભેંસોની ધનતેરસની રાત્રે ચોરી થઈ હતી તેઓ જણાવે છે કે સવારે ઉઠીને જોયું તો મોટા વાહનોના ટાયરની છાપ સાથે મોટા બુટની છાપો પણ જોવા મળી હતી જેના પરથી ગેંગમાં પાંચથી સાત વ્યક્તિ હોવાનો અંદાજ સ્પષ્ટ જણાતો હતો. વળી તેમાં એક છાપ મહિલાના પગરખાંની પણ હતી. જે ખેડૂતો પોતાના ખેતરમાં જ બોર પર ઘર બનાવીને રહે છે તેમના માટે તો આ ગેંગ સામે તાબે થયાં વિના છુટકો નથી રહેતો, તેમને રક્ષણ કોણ આપશે ?

## રાત્રે પેટ્રોલીંગ સાથે નાઈટ વિઝન સીસીટીવી લગાડવા જોઈએ

જલુંદ ગામના જાગૃત અને અગ્રણી સેવાભાવી યુવાન અલ્પેશ પ્રજાપતિ જણાવે છે કે દર વર્ષે શિયાળાની ઠંડી શરૂ થતાં જ પશુચોર ગેંગ સક્રીય બની જાય છે અને ગ્રામીણ પશુપાલકોની મોંઘેરી મૂડી સમાન પશુઓને ઉપાડી જાય છે પરંતુ તેના પર નિયંત્રણ કેમ નથી આવતું ? એક સામાન્ય નાગરિક પણ જ્યારે મોડી રાત્રીએ પોતાનું વાહન લઈને જઈ રહ્યો હોય તો તેને રસ્તામાં નાકા-પોસ્ટ કે ચોકીએ ઉભા રાખી પુછપરછ કરાતી હોય છે તો આ પશુચોર ગેંગ જેમાં પાંચથી દસ જેટલાં વ્યક્તિઓ મોટા વાહન જેમાં ચોરેલા પશુઓ ભર્યા હોય તો તેમની પુછપરછ નહી થતી હોય ? પશુચોરી અટકાવવા ગ્રામીણ વિસ્તારોમાં પોલીસે દરરોજ રાત્રે સઘન પેટ્રોલીંગ કરવું જરૂરી છે અને સાથે નાઈટ વિઝન સીસીટીવી કેમેરાની પણ સુરક્ષા આપવી જોઈએ.



ગાંધીનગર નજીક આવેલા હડમતીયા ગામની સીમમાં આવેલ તળાવના કિનારાનું વૃક્ષ પડી ગયુ છે. બાવળનું આ વૃક્ષ ઘણા બધા પક્ષીઓનું આશ્રયસ્થાન હતુ. વૃક્ષ પડી જતાં પક્ષીઓનો આશરો છીનવાયો છે. પક્ષીઓને અન્યત્ર સ્થળાંતર કરવાની જરૂરીયાત ઉભી થઈ છે.

# દિવાળીના પર્વ દરમિયાન સલામત સવારી માટે ૧૭૦૦એ ઓનલાઈન બુકીંગ કરાવ્યુ

**ઓનલાઇન બુકીંગના આધારે ડેપોને અંદાજિત ૩.૫૦ લાખની આવક**

ગાંધીનગર તા ૧૧

દિવાળીના તહેવારો દરમિયાન ગાંધીનગર ડેપોએ વધારાની બસ સેવા દોડાવી હતી જેના અંતે ડેપોએ લાખો રૂપિયાની આવક કરી છે. સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારમાં વધુ બસો દોડાવી મુસાફરોને સમયસર અને ઝડપી બસ સેવા પુરી પાડી છે. જેની સામે એસ ટી ડેપોને પણ નોંધપાત્ર આવક થઈ છે. ગાંધીનગર ડેપોએ તહેવારોના દિવસોમાં ઓનલાઈન બુકીંગ સેવાના આધારે અંદાજિત રૂ ૩.૫૦ લાખથી વધુ આવક મેળવી છે. જયારે ૧૭૦૦ જેટલા મુસાફરોએ ઓનલાઈન બુકીંગ કરાવી સલામત સવારીનો લાભ લીધો છે.

દિવાળીના પર્વ દરમિયાન ગાંધીનગર ડેપોએ વધારાની બસો દોડાવી મુસાફરોને પરેશાની વેઠવી ન પડે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ડેપો કક્ષાએથી દાહોદ , ઝાલોદ , બરોડા સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતના રૂટમાં વધારાની બસો દોડવામાં આવી હતી. જેના અંતે ગાંધીનગર ડેપોએ લાખો રૂપિયાની આવક કરી હતી. આ ઉપરાંત દિવાળી પર્વ દરમિયાન મુસાફરોએ ઓનલાઈ બુકીંગ સેવાનો પણ વિશેષ ઉપયોગ કર્યો હતો. ગાંધીનગરથી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત તેમજ અન્ય શહેરમા જતી બસ સેવા માટે મુસાફરોએ વિશેષ પ્રમાણમાં ઓનલાઈન બુકીંગ કરાવ્યુ હતુ. જે અન્વયે તા ૩૧ ઓકટોબરથી ૮ નવેમ્બર સુધીના દિવસોમાં ૧૭૦૦ મુસાફરોએ ઓનલાઈન બુકીંગ કરાવી બસ સેવાનો લાભ લીધો હતો. મુસાફરો એ ઓનલાઈન બુકીંગ માટે વિશેષ ઉત્સાહ દાખવ્યો હતો જેના લીધે ગાંધીનગર ડેપોને ઓનલાઈન બુકીંગ અન્વયે પણ નોંધપાત્ર આવક થઈ હતી. ડેપોએ આ નવ દિવસોમાં ઓનલાઈન બુકીંગના આધારે અંદાજિત ૩.૫૦ લાખ જેટલી આવક કરી હતી. કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી એસ ટી બસ સેવા પ્રભાવિત છે.

# પંચાયતના નવા સંકુલ માટે જમીન ફાળવવા કેન્દ્રીય ગૃહમંત્રીને રજુઆત

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા સંકુલ માટે ઝડપથી જમીન ફાળવણીનો નિર્ણય લેવાય તે માટે જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે આજે કેન્દ્રના ગૃહ અને સહકાર મંત્રીને દરખાસ્ત મોકલી છે.

આજે પંચાયત પ્રમુખ દિલીપ પટેલ અમદાવાદ સ્થિત કેન્દ્રીય ગૃહમંત્રીના કાર્યાલય પહોંચ્યા હતા અને તેમણે આ અંગેની દરખાસ્ત આપી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરી માટે છેલ્લા બે દાયકાથી સતત રજુઆતો કરવામાં આવી રહી છે પરંતુ સરકાર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી જો કે છેલ્લે જમીન ફાળવણીના મુદ્દે અધિક મુખ્ય સચિવશ્રી પંચાયત, માર્ગ-મકાન વિભાગ તેમજ કલેકટર અને ડી.ડી.ઓ.ની એક બેઠક મળી હતી.

જો કે આ અંગે સ્થળ પસંદગીને લઈ મુદ્દો અટવાયો હતો અને ડી.ડી.ઓ.ને વિગતવાર દરખાસ્ત રજુ કરવા માટે જણાવાયુ છે.

જિલ્લા પંચાયતમાં આગની બનેલ ઘટના પછી નવા મકાનની જરૂરિયાત પર હવે ભાર મુકવામાં આવી રહ્યો છે. આગની ઘટનાને કારણે પંચાયતને આર્થિક નુકશાન ગણુ થયુ છે. આ અંગેના અંદાજો તૈયાર કરવામાં આવી રહ્યા છે.

જિલ્લા પંચાયત પ્રમુખે નવી જગ્યા માટે સચિવાલય સંકુલ નજીક, કલેકટર કચેરી નજીક અથવા વર્તમાન પંચાયત કચેરી નજીક જગ્યા ફાળવણી કરવામાં આવે તેવો આગ્રહ કર્યો છે. જિલ્લા પંચાયતના પ્રમુખે આપેલ રજુઆતમાં જણાવ્યું છે કે હાલનુ મકાન જુનુ થયુ છે તેમજ તાલુકા પંચાયતની કચેરીને અનુરૂપ મકાન બનાવવામાં આવ્યુ છે. જિલ્લાની હદમાં કરાયેલા વિસ્તાર પછી પંચાયતનું આ સંકુલ ઘણુ નાનુ પડે છે એટલુ જ નહિ પરંતુ અધિકારીઓને બેસવા માટે પણ પુરતી જગ્યા ફાળવી શકાતી નથી.

ગાંધીનગર જિલ્લા પંચાયતને નવીન મકાન માટે સરકાર દ્વારા દરખાસ્ત માંગવામાં આવી છે. જિલ્લાના રાજકીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બજેટ સત્ર વખતે સરકાર આ દરખાસ્તને મંજૂરી આપશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતને નવા મકાન માટે જગ્યા ફાળવણી અંગે પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય સ્વ. મંગળદાસ પટેલે ગૃહમાં પંચાયત વિભાગની

● અનુસંધાન પાન-૩ પર

# મહાત્મા મંદિર ખાતેની કોવિડ હોસ્પિટલનો સામાન ખસેડાયો

**હોસ્પિટલની તમામ સામગ્રી ગાંધીનગર, હિંમતનગર સીવીલ અને કોલવડા આયુર્વેદિક હોસ્પિટલ ખસેડાયો**

ગાંધીનગર, તા. ૧૧

વાયબ્રન્ટ સમીટના આયોજનને પગલે મહાત્મા મંદિર ખાતે ઉભી કરાયેલ ૯૦૦ બેડની હોસ્પિટલ આરોગ્ય વિભાગ દ્વારા સંપૂર્ણ રીતે હટાવી દેવામાં આવી છે અને સંપૂર્ણ કબ્જો મહાત્મા મંદિરના સંચાલકોને સોંપી દેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે કોવિડ હોસ્પિટલ મહાત્મા મંદિર ખાતે ટાટા ટ્રસ્ટના સહયોગથી ઉભી કરવામાં આવી હતી. આ હોસ્પિટલના જે સાધન સામગ્રી હતી તે ગાંધીનગર, હિંમતનગર અને કોલવડા આયુર્વેદ હોસ્પિટલ ખાતે ખસેડી લેવામાં આવી છે.

આ હોસ્પિટલ બીજી વેવની પીક હતી ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રીએ જાહેરાત કરી હતી અને ટાટા ટ્રસ્ટના સહયોગથી ડીઆરડીઓ દ્વારા નિર્માણ કરવામાં આવી હતી. ૫૦ મે. ટન ઓકસીજન ટેન્ક સાથે આ હોસ્પિટલ ઉભી કરવામાં આવી હતી જેમાં ૭૦૦ જેટલી બેડ ઓક્સિજનની સુવિધા સાથે હતી તો ૨૦૦ જેટલી આઈસીસીયુ બેડ હતી.

વાયબ્રન્ટ સમીટને લઈ ઉચ્ચસ્તરીય બેઠકમાં આ હોસ્પિટલ ખાલી કરવાની સૂચનાઓ આપવામાં આવી હતી. હવે આ હોસ્પિટલની તમામ સાધન સામગ્રી અહિથી હટાવી લેવામાં આવી છે અને મહાત્મા મંદિરનો કબ્જો સંચાલકોને સોંપી દેવામાં આવ્યો છે.

# રાજયમાં ૩૪ મદદનીશ શિક્ષણ નિરિક્ષકને નિમણુંક અપાતા ખાલી જગ્યા ભરાઈ

**ગાંધીનગરમાં નવા મદદનીશ શિક્ષણ નિરિક્ષકની ભરતી માટે કેમ્પ યોજાયો : ૯૦ શિક્ષકો હાજર રહ્યા : નિમણુંક પ્રક્રીયા પારદર્શક રીતે પુર્ણ થતા ખાલી જગ્યાનો પ્રશ્ન હલ થયો**

ગાંધીનગર તા ૧૧

રાજયમાં મદદનીશ શિક્ષણ નિરિક્ષકની જગ્યા ભરવા માટે આજે ગાંધીનગરમાં કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં રાજયમાંથી ૯૦ શિક્ષકોએ હાજરી આપી હતી. જયારે કેમ્પની કાર્યવાહીના અંતે રાજયમાં ૩૪ મદદનીશ શિક્ષણ નિરિક્ષકની ખાલી જગ્યા પુરાઈ હતી. મદદનીશ શિક્ષણ નિરિક્ષકની નિમણુંક અંગેના કેમ્પની કાર્યવાહી પારદર્શક રીતે પુર્ણ થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવી હતી.

રાજયમાં મદદનીશ શિક્ષણ નિરિક્ષકની જગ્યા ભરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા યોજાયેલ આ કેમ્પમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષણ સંવર્ગમાં પાંચ વર્ષનો શૈક્ષણિક અભ્યાસ ધરાવતા શિક્ષકો પૈકી સિનિયોરીટીના આધારે જિલ્લા શિક્ષણાધિકારીઓની પસંદગી આપવામાં આવી હતી. રાજય કક્ષાના આ કેમ્પમાં જિલ્લા શિક્ષણાધિકારીઓની કચેરીઓમાં કુલ ૫૮ મદદનીશ શિક્ષણ નિરિક્ષકોની ખાલી જગ્યા ભરવા માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. આ કેમ્પમાં રાજયમાંથી ૯૦ શિક્ષકો હાજર રહ્યા હતા. જેના અંતે ૩૪ શિક્ષકોને તેમની સ્વ પસંદગીના આધારે મદદનીશ શિક્ષણ નિરિક્ષક તરીકે ફરજ સોંપવામાં આવી છે. આ કેમ્પનુ આયોજન શાળા કમિશ્નર તેમજ નાયબ શિક્ષણ નિયામક વી આર ગોસાઈના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. રાજયની જિલ્લા શિક્ષણાધિકારીઓની કચેરીમાં મદદનીશ શિક્ષણ નિરિક્ષકોની ખાલી જગ્યાઓ ભરાઈ ગઈ છે.

नूतनवर्षाभिनंदन
आज़ादी का अमृत महोत्सव
હિંમતનગર નગરપાલિકા
નગરજનોને 'દિવાળીના દરે પર્વ માટે હાર્દિક શુભકામનાઓ...'
સર્વેને સુખ-શાંતિ, સમૃદ્ધિ, ઐશ્વર્ય અને તંદુરસ્તી અર્પે તેવી અંતઃકરણની શુભેચ્છાઓ...
યતીનબેન બી. મોદી
પ્રમુખ
તથા સદસ્યશ્રીઓ
હિંમતનગર નગરપાલિકા
'જળ એજ જીવન'

બેંક ઑફ ઈન્ડિયા
સંબંધોની મૂડી
ગાંધીનગર ઝોન
બેંક ઓફ ઈન્ડિયા પરિવાર તરફથી નૂતનવર્ષાભિનંદન
હોમ લોન માત્ર ૬.૫૦ %*
વાહન લોન માત્ર ૬.૮૫ %*
ગોલ્ડ લોન માત્ર ૭.૨૫ %*

શ્રી ઉમિયા માતાય નમઃ
નૂતન વર્ષાભિનંદન સહ...



હરગોવિંદભાઈ એન. પટેલ
તંત્રીશ્રી : આનર્ત ભૂમિ (સાપ્તાહિક)
સામાજીક કાર્યકર
ઠે. ભદ્રકાળી માતાજીના મંદિર પાસે
મુ.પો. ઉનાવા, તા. ઊંઝા, જી. મહેસાણા

નૂતન વર્ષાભિનંદન
(ઓ.) ૨૪૨૭૬૬ જગદીશ : ૯૮૨૫૦ ૭૪૫૧૧
(નિ.) ૨૪૨૯૮૫ રામેશ્વર : ૯૮૨૫૪ ૧૩૫૧૧
પાયલ જ્વેલર્સ
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના તૈયાર મળશે. તેમજ ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે. ચાંદીના ફેન્સી પાયલ ઝુડા તેમજ વાસણ મળશે.
ડો. ગાંધી રોડ, હિંમતનગર (સાબરકાંઠા)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com